# ઉત્તર પ્રદેશમાં મોદી મેજિક રહેશે

નવી દિલ્હી,તા.૨૪

વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં રાજકીય રીતે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાતા ઉત્તર પ્રદેશમાં ભાજપને જંગી ફાયદો થવાની શક્યતા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં તમામ ટોચના નેતાઓએ ઉત્તર પ્રદેશ ઉપર ધ્યાન કેન્દ્રીત કરી દીધું છે. જુદા જુદા સર્વમાં ભાજપને સૌથી મોટો લાભ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉત્તર પ્રદેશમાં નરેન્દ્ર મોદીનો જાદુ દેખાઈ રહ્યો છે. ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભરે તેવી વાત કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ઉત્તર પ્રદેશના ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનો જાદુ જોવા મળે તેવી શક્યતા છે. ભાજપને અહીં મોટી જીત મળે તેવી શક્યતા છે. સર્વે મુજબ ભાજપને રાજ્યમાં ૩૫ બેઠકો મળી શકે છે. એબીપી ન્યૂઝ-નેલ્સનના નવા સર્વે મુજબ જો તાજેતરમાં જ ચૂંટણી યોજાય તો બિન્દેલ ખંડમાં ચાર પૈકી બે ઉપર ભાજપની જીત થશે જ્યારે એક-એક બેઠક સપા અને બહુજન પાર્ટીને મળશે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસને કોઈપણ સફળતા હાથ ફ્લાગશે નહીં. વર્ષ ૨૦૦૯માં ભાજપે અહીં ખાતુ ખોલ્યું ન હતું. એટલે કે ગયા વર્ષે નરેન્દ્ર મોદીની ઝાંસીમાં થયેલી રેલીના કારણે ભાજપને મોટો ફાયદો થઈ શકે છે. બીજી બાજુ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કરનાર આમ આદમી પાર્ટીને કોઈપણ ફાયદો નહીં થવાની શક્યતા દેખાઈ રહી છે. મધ્ય-ઉત્તર પ્રદેશ (અવધ ક્ષેત્ર)માં ૧૨ સીટો પૈકી ભાજપને પાચં, બસપને ત્રણ, સપાને બે અને કોંગ્રેસને બે બેઠકો મળી શકે છે. આમ આદમી પાર્ટીને અહીં પણ કોઈ બેઠક મળશે નહીં. પશ્ચિમી ઉત્તર પ્રદેશની ૨૯ બેઠકોમાં પણ ભાજપને ૧૧ કોંગ્રેસ-આરએલડીને ૬, સપાને ૫, બહુજન સમાજ પાર્ટીને ૪ અને અન્યોના ખાતામાં ૧ બેઠક જશે. આશ્ચર્યજનક બાબત એ છે કે અહીં આમ આદમી પાર્ટીને બે બેઠક મળી શકે છે.

મુજફ્ફરનગર કોમી હિંસાને રોકવામાં નિષ્ફળ રહેલી સમાજવાદી પાર્ટીથી લોકો ખૂબ નારાજ છે. બીજી બાજુ લોકોની વચ્ચે યુપીએ સરકારના ભ્રષ્ટાચાર અને મોંઘવારીને રોકવામાં નિષ્ફળતાની પણ ઈમેજ બનેલી છે. પૂર્વીય ઉત્તર પ્રદેશની ૩૫ બેઠકો પૈકી ૧૭ બેઠકો ભાજપને, છ બેઠકો સપાને, સાત બેઠકો બસપને અને અન્ય ચાર બેઠકો અન્યોના ખાતામાં જશે. માત્ર આ જ સર્વે નહીં બલ્કે ઈન્ડિયા ટુડે-સી વોટરના સર્વેમાં પણ ભાજપને મોટી સફળતા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. તેના સર્વે મુજબ વર્ષ ૨૦૧૪માં ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસનો સફાયો થઈ શકે છે. ઉત્તર પ્રદેશમાં ભાજપને મોદી ફેક્ટરનો લાભ મળશે. અહીં ભાજપને ૧૦ બેઠકોની સરખામણીમાં ૩૦ બેઠકો મળવાની શક્યતા છે. એટલે કે ભાજપને ૨૦ બેઠકોનો ફાયદો થશે. સપાને ૨૩ની સરખામણીમાં ૨૦ બેઠકો મળી શકે છે. બસપને ફાયદો થઈ શકે છે. બસપ ૨૦ના બદલે ૨૪ બેઠકો મેળવી શકે છે. અમેઠીમાં રાહુલ ગાંધીને આમ આદમી પાર્ટીના નેતા કુમાલ વિશ્વાસથી ખતરો નથી.

## ફેડરરને સીધા સેટમાં હાર આપીને નડાલ ફાઈનલમાં

મેલબોર્ન,તા. ૨૪

વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી રાફેલ નડાલે ૧૯મી ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં આજે આગેકૂચ કરી લીધી હતી. નડાલે આજે ૨માયેલી સેમીફાઈનલમાં ૧૭ વખતના ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન રોજર ફેડરર પર સીધા સેટોમાં ૭-૬, ૬-૩ અને ૬-૩થી જીત મેળવી હતી. આ મેચ અપેક્ષા કરતા ઓછી રોમાંચક રહી હતી. આ બે મહાન ખેલાડીઓ વચ્ચે હજુ સુધીની મેચો ખૂબજ રોમાંચકારી રહી છે પરંતુ આજની મેચમાં રોજર ફેડરર શક્તિશાળી દેખાઈ રહ્યો ન હતો. ફેડરરે અગાઉ ક્વાર્ટર ફાઈનલમાં એન્ડી મરે પર જીત મેળવીને સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો અને એમ માનવામાં આવી રહ્યુ હતુ કે આ મેચ ટુર્નામેન્ટની સૌથી રોમંચકારી મેચ રહેશે. ૧૩

ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન જીતી ચુકેલા નડાલની હવે ફાઈનલ મેચમાં આઠમા ક્રમાંકિત ખેલાડી સ્ટેનીસ્લાસ વાવરિંકા સામે રમશે. વાવરિંકાએ પ્રથમ વખત ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં ફ્રૂચ કરી છે. વાવરિંકાએ ક્વાર્ટર ફાઈનલ મેચમાં ત્રણ વખતના વર્તમાન ચેમ્પિયન નોવાક જોકોવિક પર જીત મેળવી હતી. આ મેચ આજે વધારે સમય સુધી ચાલી ન હતી. સમગ્ર મેચ દરમિયાન સ્પેનિશ ખેલાડી છવાયેલો રહ્યો હતો. નડાલે હવે ફેડરર પર તેની લીડ પણ વધારી લીધી છે. નડાલે ફેડરર સામે રમેલી અગાઉની ચાર મેચો પૈકીની તમામ ચાર મેચ જીતી છે. નડાલે અગાઉ બે વર્ષ અગાઉ સેમી ફાઈનલમાં ફેડરર પર જીત મેળવી હતી. દરમિયાન ફેડરર ઓસ્ટ્રેલિયન ઓપનમાં આ વખતે ખૂબજ નીચલા રેન્કીગ સાથે મેદાનમાં ઉતર્યો હતો. વર્ષ ૨૦૦૨ બાદ સૌથી નીચેની રેન્કીગ પર તે રમી રહ્યો હતો. નડાલે હવે ફેડરર પર હેડ ટુ હેડ રેકોર્ડમાં સુધારો કર્યો છે. બંને વચ્ચે ૩૩ મેચો રમાઈ છે જે પૈકી નડાલે ૨૩, ફેડરરે ૧૦ મેચ જીતી છે. રવિવારના દિવસે હવે ઓસ્ટ્રેલિન ઓપનની ફાઈનલ મેચ રમાશે. નડાલ ૧૪મી ગ્રાન્ડસ્લેમ જીતવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે.

## શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

● **પ્રેમાનંદ સાહિત્ય સભાના ઉપક્રમે જાણીતા વાર્તાકાર વિવેચક ડો. સુમન શાહને પ્રેમાનંદ સુવર્ણ ચંદ્રક એનાયત કરવાનો કાર્યક્રમ ર.વ.દેસાઇ સભાગ્રહ, પ્રેમાનંદ સાહિત્યભવન વડોદરા ખાતે. ડો. શિતાંસુ યશચંન્દ્ર એમ બંનેએ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો જેમાં અતિથિ વિશેષ પદે સાંસદ બાલકૃષ્ણ શુક્લ તથા જયેશ ભોગાયતા અને અજય રાવલે હાજરી આપી હતી.**

● **જયંતિ એમ. દલાલને 'ગિરનાર એવોર્ડ' તાજેતરમાં મુંબઇ ખાતે એનાયત કરવામાં આવ્યો. છેલ્લા બે દશકાથી ગુજરાતી સાહિત્યને વિશ્વસ્તરે ફેલાવવા કટિબદ્ધ આ સાહિત્યકારની નવલકથાઓના અંગ્રેજી અનુવાદને પણ સારો આવકાર પ્રાપ્ત થયો છે. બૃહદ ગુજરાતી સમાજની ચતુર્થ ગુજરાતી પરિષદમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.**

● **પ્રતિ વર્ષ કુમારમાં પ્રસિદ્ધ થતાં લખાણોમાંથી ઉત્તમ સર્જનાત્મક કે લલિતેતર સાહિત્યને 'કુમાર ચંદ્રક' પ્રદાન કરાય છે. ૨૦૧૨નો આ ચંદ્રક રાધેશ્યામ શર્માને એમની 'કથાબોધ' લેખમાળા માટે ખાસ આપવામાં આવ્યો. જેમાં કુમારના તંત્રી ધીરૂભાઇ પરીખે સૌનું સ્વાગત કર્યું તેમજ ચંદ્રક અંગેની માહિતી આપી હતી જ્યારે 'કુમાર' વિશે કુમારપાળ દેસાઇએ વક્તવ્ય આપ્યું હતું. રાધેશ્યામ શર્માનો પરિચય 'કુમાર'ના ઉપતંત્રી પ્રફુલ્લ રાવલે આપ્યો. એમની કવિતા વિષે પ્રવીણ પંડ્યા અને વાર્તાઓ વિશે રાજેન્દ્ર પટેલે વક્તવ્યો આપ્યાં. રઘુવીર ચૌધરીના હસ્તે રાધેશ્યામ શર્માને કુમારચંદ્રક પ્રદાન કરવામાં આવ્યો. આ સમારંભમાં કુમારના ટ્રસ્ટીઓ, સાહિત્યકારો, સાહિત્ય રસિકો અને રાધેશ્યામ શર્માના ચાહકો ઉપસ્થિત રહ્યા હતા.**

● **ગુજરાત વિધાનસભાના સ્થાપના દિનની ઉજવણી 'વિદ્યોત્સવ' તરીકે તાજેતરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી. 'ગુજરાત વિધાનસભાના ઇતિહાસની ઝાંખી'નું ફોટો પ્રદર્શન ભો. જે વિદ્યાભવન મ્યુઝિયમમાં ગોઠવવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન પ્રમુખ બી.વી. દોષી, શ્રીમતી પૌલીમી બહેન તથા અન્ય મહાનુભાવો એ દીપ પ્રગટાવી કર્યું હતું. આ પ્રદર્શનમાં વર્નાકુલર સોસાયટીની સ્થાપના ઇ.સ.૧૮૪૮ થી વર્તમાન સુધીની પ્રવૃત્તિઓની ઝલક દર્શાવવામાં આવી છે. આ પ્રસંગે ભો.જે. વિદ્યાભવનના પૂર્વ અધ્યક્ષ ડો. હરિપ્રસાદ શાસ્ત્રી, ડો. ભારતી બહેન શેલત તેમજ અમર ભટ્ટ (સંગીતકાર)નું અભિવાદન કરાયું હતું. પ્રાસંગીક પ્રવચનમાં ડો. કુમારપાળ દેસાઇએ વિદ્યાનસભાની વિવિધ પ્રવૃત્તિઓ શિક્ષણ, સંશોધન અધ્યયન દ્વારા સમાજોત્થાન અને જન સમુદાયને થયેલ લાભોની વિગતો આપી હતી. મધુસૂદન પારેખે વિદ્યાસભાના હીરાલાલ પારેખ વિદ્યાબહેન નીલકંઠ વગેરેની કાર્યપદ્ધતિ અને 'બુદ્ધિ પ્રકાશ' અંગે માહિતીપ્રદ વાતો કરી હતી. ઉપરાંત આ પ્રસંગે 'વિદ્યાપુરૂષનો વાક્પ્રસાદ' ગ્રંથનું વિમોચન ડો. હરિપ્રસાદ શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ગુજરાત વિદ્યાનસભાના ઉદ્દેશ, હેતુ, પ્રવૃત્તિઓ દર્શાવતી પુસ્તિકાનું પણ વિયોચન કરવામાં આવ્યું હતું.**

## એટીએમ ચાર્જને લઈને વિરોધ શરૂ

મુંબઈ,તા.૨૪

એટીએમ સર્વિસ ઉપર ચાર્જ લગાવવાની બાબતને લઈને હાલમાં જોરદાર ચર્ચા આર્થિક નિષ્ણાંતોમાં થઈ રહી છે. હવે આ ચર્ચામાં ફાઈનાશિયલ સર્વિસેસના સેક્રેટરી રાજીવ ટાકરુએ પણ ફૂટી પડ્યા છે. તેમને કહ્યું છે કે મફત એટીએમ સર્વિસ જારી રાખવામાં આવે તે જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે જો આના ઉપર ચાર્જ મૂકવામાં આવશે તો કસ્ટમરોની ભીડ બેંક કાઉન્ટરો ઉપર ફરી પહોંચવા લાગશે અને ત્યાં સર્વિસ આપવાની બાબત ભારે પડશે. એટીએમ ચલાવવા કરતા પણ આ સેવા વધુ ભારે પડશે. તેમણે ઉમેર્યું હતું કે એટીએમ સર્વિસ ઉપર ચાર્જ લગાવવાની બાબત બેંકોને ખૂબ ભારે પડી શકે છે. તેમણે દાવો કર્યો હતો કે હજુ સુધી કોઈપણ બેંકે એટીએમ

ફી વધારવાને લઈને મંજૂરી માટે સરકારનો સંપર્ક કર્યો નથી. આ અંગે અંતિમ નિર્ણય રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ એટીએમ સર્વિસ ફ્રી રહે તેમ તે ઈચ્છે છે અને આની તરફેણ પણ કરે છે. જો બેંક આ સર્વિસને મોંઘી બનાવશે તો કસ્ટમરોની ભીડ બેંકોમાં લાગી શકે છે. એટીએમ સર્વિસથી વધુ લાંબી સર્વિસ આ સાબિત થઈ શકે છે. તેઓએ કેટલાક રાજ્ય સરકારોના એટીએમ ઉપર ૨૪ કલાક સિક્યુરિટી આપવાના સંબંધમાં બેંકોને આપવામાં આવેલા આદેશ ઉપર પણ ફરીવાર વિચારણા કરવાની જરૂર હોવાની વાત કરી છે. તેમણે કહ્યું છે કે બેંકોને આને નાણાંકીય પાસાઓથી જોવાની જરૂર છે. કસ્ટમરોને એટીએમનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાની બાબત નફો કમાવવાના ઉપાય પૈકીના એક છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે બેંગ્લોરમાં એક એટીએમમાં બેંક કર્મચારી ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ કેટલાક રાજ્ય એટીએમ ઉપર ૨૪ કલાક સુરક્ષા મૂકવામાં આવે તેવી ઈચ્છા ધરાવે છે. બેંકોના સંગઠન આઈબીએ દ્વારા છેલ્લા મહિને પોતાની બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૪ કલાક સુરક્ષા આપવા પર પ્રતિ એટીએ ૪૦ હજાર રૂપિયાનો ખર્ચ થશે. આનાથી બેંકોને નુકસાન થશે. આઈબીએ દ્વારા આરબીઆઈને કોઈપણ એટીએમ નેટવર્ક પર ફ્રી ટ્રાન્જેક્શનની સંખ્યા એક મહિનામાં પાંચ સુધી મર્યાદિત કરવા માટે પણ કહ્યું છે.

## પોલીસ અત્યાચાર અંગે આપ દ્વારા વિડિયો જારી

નવી દિલ્હી,તા.૨૪

દિલ્હી પોલીસ સમક્ષ નવેસરથી પ્રહારો શરૂ કરતા આમ આદમી પાર્ટીએ આજે એવી વિડિયો રજુ કરી હતી જેમાં પોલીસના અત્યચારનો સ્પષ્ટપણે ઉલ્લેખ છે. આ વિડિયો રજુ કરવામાં આવ્યા બાદ ત્રણ પોલીસ જવાનોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. નવી દિલ્હીમાં પોલીસના અત્યાચાર સાથે સંબંધિત વિડિયો જારી કરાયો હતો. રેલ ભવન ખાતે દિલ્હી પોલીસ સામે આમ આદમી પાર્ટીના ધરણાના દિવસો બાદ જ આ વિડિયો જારી કરાયો છે. આ વિડિયોમાં લાલ કિલ્લા નજીક એક શખ્સને નિર્દયરીતે માર મારતા પોલીસ નજરે પડે છે. દિલ્હી પોલીસ અત્યાર માટે જાણિતી છે. એએપીએ તેના સંદેશમાં જણાવ્યુ છે કે આ વિડિયોથી સાબિત થાય છે કે દિલ્હી પોલીસનું વર્તન ખરાબ રહ્યુ હતુ. પોલીસ નાણાં ઉઘરાવવાનું કામ પણ કરી રહી છે. વિડિયો નિહાળ્યા બાદ દિલ્હી પોલીસે વિડિયોમાં રહેલા ત્રણપોલીસ જવાનોને સસ્પેન્ડ કરી દીધા છે. દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સીએ કહ્યુ છે કે આ પ્રકારના બનાવોને ચલાવી લેવાશે નહીં. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે આ સપ્તાહની શરૂઆતમાં ત્રણપોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી.

## ડોલર વિરુદ્ધ રૂપિયો બે માસની નીચી સપાટીએ

મુંબઈ,તા.૨૪

ડોલર સામે રૂપિયો આજે બે મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. પીએસયુ બેંક મારફતે આરબીઆઈએ દરમિયાનગીરી કરી છે. શેરબજારમાં મોટા ઘટાડાની

સાથે સાથે રૂપિયામાં પણ નીચી સપાટી જોવા મળી હતી. આજે કારોબારના અંતે રૂપિયો બે મહિનાની નીચી સપાટીએ રહ્યો હતો. ૨૨મી નવેમ્બર બાદ રૂપિયો સૌથી નીચી સપાટીએ અને સૌથી મુશ્કેલ સ્થિતિમાં રહ્યો છે. રૂપિયો આજે ડોલર સામે ગઈકાલની ૬૧.૯૨ની સામે ૬૨.૬૬ની સાપટીએ રહ્યો હતો.

## એમટીએનએલ અને બીએસએનએલ ૨૬મીથી ફ્રી રોમીંગ પ્લાન શરૂ કરશે

નવી દિલ્હી,તા.૨૪

ટેલિકોમ કંપની એમટીએનએલ અને બીએસએનએલ ૨૬મી જાન્યુઆરીથી નવી રોમીંગ યોજના શરૂ કરવાની તૈયારીમાં છે જેના પરિણામ સ્વરૂપે ગ્રાહકોને ફ્રી કોલ કરવાની ઓફર મળશે. સૂત્રોએ કહ્યું છે કે એમટીએનએલ કોઈપણ વધારાના ચાર્જ વગર દિલ્હી અને મુંબઈમાં તેના નેટવર્ક ઉપર તેના કસ્ટમરો માટે ફ્રી રોમીંગની યોજના ધરાવે છે. બીજી બાજુ બીએસએનએલ પણ ફ્રી કોલ માટે રોમીંગ યોજના ધરાવે છે. પરંતુ કસ્ટમરોને આની સુવિધા મળવામાં આંશિક રકમ ચૂકવવી પડશે. ૨૬મી જાન્યુઆરીથી આ યોજના શરૂ થઈ રહી છે. કેટલાક ખાનગી ટેલિકોમ ઓપરેટરો પહેલાથી જ એવી યોજના શરૂ કરી ચૂક્યા છે જે હેઠળ માસિક રીતે અથવા તો દરરોજની ફ્રી પ

રૂપિયાથી શરૂ થશે અને લોકો કોઈપણ રોમીંગ ચાર્જ ચૂકવ્યા વગર તમામ ઈનકમીંગ કોલ મળી શકશે. દિલ્હી અને મુંબઈમાં ઓપરેશન ધરાવનાર એમટીએનએલની આ યોજનાને લઈને મોબાઈલ ધારકોમાં ઉત્સાહ છે. જ્યારે બીએસએનએલ બે સર્કલ સિવાય દેશભરમાં ઓપરેશન ધરાવે છે. એમટીએનએલના મુંબઈ કસ્ટમરોને જ્યારે તેઓ દિલ્હીમાં હશે ત્યારે પણ કોઈપણ વધારાના ચાર્જ ચૂકવવાની જરૂર પડશે નહીં. તેના દિલ્હીના કસ્ટમરો માટે પણ આવી જ સ્કીમ લાગુ પડશે. પીએસયુ યોજનાની વધુ વિગતો ટૂંકમાં જ જાહેર કરવામાં આવશે. ટેલિકોમ પ્રધાન કપીલ સિબ્બલ આગામી થોડાક દિવસની અંદર આ સ્કીમની જાહેરાત કરી શકે છે. કપીલ સિબ્બલે ફ્રી રોમીંગ સ્કીમ સાથે આગળ આવવા નવેમ્બર મહિનામાં પીએચયુને સૂચના આપી હતી. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાયના જણાવ્યા મુજબ બીએસએનએલના ૯.૭૮ કરોડ મોબાઈલ ધારકો છે. જ્યારે એમટીએનએલના ૩૫.૭૫ લાખ કસ્ટમરો છે.

## પરેડમાં અગ્નિ અને પૃથ્વી મિસાઈલો જોવા નહીં મળે

નવી દિલ્હી,તા.૨૪

આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભારતની સૌથી ઘાતક મિસાઈલો જોવા મળશે નહીં. અગ્નિ અને પૃથ્વી મિસાઈલને પ્રજાસત્તાક દિવસની પરેડમાં સામેલ કરવામાં આવશે નહીં. ભારતના સૌથી ઘાતક હથિયારો પરેડમાં મૂકવામાં આવનાર નથી તેવા સમાચારથી ચાહકોમાં નિરાશા ફેલાઈ ગઈ છે. ગયા વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં પોતાની અભૂતપૂર્વ તાકાતને રજૂ કરીને ભારતીય સૈનાએ અગ્નિ-૫ મિસાઈલને પોતાની જુદી જુદી ઝાંકીઓમાં રજૂ કરી હતી જેથી દુનિયાનું ધ્યાન ખેંચાયુ હતુ. પરંતુ આ વર્ષે પૃથ્વી મિસાઈલ અને અગ્નિ મિસાઈલો પ્રજાસત્તાક દિવસની પરેડમાં નજરે પડશે નહીં. છેલ્લા એક દશકથી પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભારતે હમેશા પૃથ્વી અને અગ્નિ મિસાઈલોને રજૂ કરી છે. ગયા વર્ષે ૫૦૦૦ કિલોમીટરથી વધુ અંતર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવતી અગ્નિ-૫ મિસાઈલને રજૂ કરવામાં આવી હતી ત્યારે પાકિસ્તાન અને ચીનમાં હોબાળો મચી ગયો હતો. આંતરરાષ્ટ્રીય સમુદાયે પણ જાહેરમાં આ મિસાઈલ રજૂ કરવા બદલ નોંધ લીધી હતી. આ વર્ષે મિસાઈલના નામ ઉપર ૨૯૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવતી સુપર સોનિક ક્રૂઝ મિસાઈલોનો સમાવેશ થાય છે. પરંતુ આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ઓછા સ્તરની તાકાત રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેનાથી ઘણા લોકોને આશ્ચર્ય પણ થયું છે. આ વર્ષે જાપાનના વડાપ્રધાન સિન્ઝો પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય મહેમાન બનનાર છે. જાપાનની લોકો પ્રત્યે સંવેદનશીલતાને ધ્યાનમાં લઈને પરમાણુ હથિયારો લઈને ત્રાટકવામાં સક્ષમ મિસાઈલોને રાજપથ ઉપર રજૂ કરવામાં આવશે નહીં. ભારતની જાપાન સાથે પરમાણુ હથિયારોને લઈને વાતચીત ચાલી રહી છે. જાપાન સરકારે પણ અની નોંધ લીધી હોવાનું જાણવા મળ્યું છે.

## ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે આજે ઓકલેન્ડમાં વનડે

ઓકલેન્ડ,તા.૨૪

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આવતીકાલે ઓકલેન્ડમાં પાંચ વન-ડે મેચોની શ્રેણીની ત્રીજી મેચ રમાનાર છે. ન્યૂઝીલેન્ડ આ વન-ડે શ્રેણીમાં ૨-૦ની લીડ ધરાવે છે. બાકી રહેલી ત્રણ મેચો પૈકી માત્ર એક જ મેચ જીતીને ન્યૂઝીલેન્ડ આ શ્રેણી જીતી શકે છે. આવી સ્થિતિમાં ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા ઉપર ખૂબ જ દબાણ વધી ગયું છે. ધોનીને બાકીની ત્રણે મેચો જીતવી પડશે. પ્રતિષ્ઠા જાળવવા માટે ધોની ઉપર સતત દબાણ છે. શરૂઆતની બંને મેચોમાં ન્યૂઝીલેન્ડની ટીમનો દેખાવ સાનદાર રહ્યો છે. ભારત જો આવતીકાલની મેચ ગુમાવશે તો શ્રેણી અને પ્રતિષ્ઠા બંને ગુમાવશે. ભારત પહેલાથી જ વન-ડે ક્રિકેટમાં બીજા સ્થાને ફેંકાઈ ચૂક્યું છે. નેપીયરમાં રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં ભારતની ૨૪ રને હાર થઈ હતી. જ્યારે હેમીલ્ટન ખાતે રમાયેલી બીજી વન-ડે મેચમાં ડકવર્થ લુઈસ પદ્ધતિના આધારે ભારતની ૧૫ રને હાર થઈ હતી. એકંદરે ધોની એન્ડ કંપની છેલ્લી પાંચ વન-ડે પૈકી ચારમાં હારનો સામનો કરી ચૂકી છે. કેટલીક મેચો પેટા ખંડમાં પણ રમાઈ હતી. વાસ્તવિકતા એ છે કે કેપ્ટન ધોની હાલમાં ટાર્ગેટનો પીછો કરવા ઉપર ધ્યાન આપી રહ્યો છે. બંને મેચોમાં ધોનીએ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઈડર પાર્કમાં આવતીકાલની મેચ પણ પડકારરૂપ રહી શકે છે. ન્યૂઝીલેન્ડ અને ભારત વચ્ચે રમાનારી આ મેચમાં શનિવાર હોવાથી મોટી સંખ્યામાં ચાહકો પહોંચી શકે છે.

**નિકાસમાં તેજી લાવવા તમામ પ્રયાસો કરાશે**

## મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં ૧૦ કરોડને જોબ મળશે

નવી દિલ્હી,તા. ૨૪

વાણિજ્ય અને ઉદ્યોગપ્રધાન આનંદ શર્માએ આજે કહ્યુ હતુ કે ભારત જીડીપીમાં મેન્યુફેક્ચરીંગ સેક્ટરની હિસ્સેદારી ૧૬ ટકાથી વધારીને ૨૫ ટકા કરશે. આના મારફતે ૧૦ કરોડને સ્કીલ્ડ જોબની તક મળશે. મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં ૧૦ કરોડ નોકરીની તકો ઉભી કરવાની આનંદ શર્માએ વાત કરી હતી. વર્લ્ડ ઈકોનોમી ફોરમની વાર્ષિક બેઠકમાં ભાગ લેવા માટે દાવોસ પહોંચેલા આનંદ શર્માએ કહ્યુ હતુ કે દુનિયાભરની મોટી કંપનીઓના ટોપ કારોબારીઓ સાથે તેઓ વાતચીત કરી રહ્યા છે. મેન્યુફેક્ચરીંગ પર વર્લ્ડ ઈકોનોમી ફોરમના સેશન્સ દરમિયાન શર્માએ કહ્યુ હતુ કે ભારત જીડીપીમાં મેન્યુફેક્ચરીંગ સેક્ટરની હિસ્સેદારી ૧૬ ટકાથી વધારીને ૨૫ ટકા કરવા ઈચ્છુક છે. આનાથી ૧૦ કરોડ લોકોને નોકરીની તકો મળશે. આ બાબત ખૂબજ જરૂરી છે. શર્માએ એમ પણ કહ્યુ હતુ કે નીકાસની મજબૂતી અને સ્થિરતાને ટકાવી રાખવા માટે મેન્યુફેક્ચરીંગ સેક્ટરને પ્રોત્સાહન જરૂરી છે. નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલીસીના હિસ્સા તરીકે ભારત મેન્યુફેક્ચરીંગ સેક્ટરનો ગ્રોથ વધારવા ઈચ્છુક છે. આગામી દશકમાં દેશના જીડીપીમાં સેક્ટરની હિસ્સેદારીને વર્તમાન ૧૫-૧૬ ટકાથી વધારીને ૨૫ ટકા કરવા ઈચ્છુક છે. આનુ લક્ષ્ય ૨૦૨૨ સુધી ૧૦ કરોડ લોકોને રોજગારની તકો ઉપલબ્ધ કરવવાનો છે. આનંદ શર્માએ ડીયાજીયો, હેનકેન અને સેલ જેવી દિગ્ગજ કંપનીઓના કારોબારીઓ સાથે વાતચીત કરીહતી. આ લોકોએ ભારતની ગ્રોથ સ્ટોરીને નિહાળી હતી સાથે સાથે શર્માએ ભારતનું ચિત્ર રજુ કર્યુ હતુ. આનંદ શર્મા પણ વર્લ્ડ ઈકોનોમીક ફોરમમાં ભાગ લેવા માટે ગયેલા ઉચ્ચસ્તરિય પ્રતિનિધિ મંડળના ભાગરૂપે છે. ભારતીય પ્રધાને ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટી ફાઉન્ડેશન દ્વારા દરવર્ષે આયોજિત થતી બેઠકમાં પણ હાજરી આપી હતી.

## સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે ૨૬મી જાન્યુઆરીએ ખાસ એસ.ટી. બસ વ્યવસ્થા

ભારતના ૬૫મા પ્રજાસત્તાક દિવસ-૨૬મી જાન્યુઆરીએ ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની અધ્યક્ષતામાં સાંજે ૫.૦૦ વાગ્યે રાજભવન, ગાંધીનગર ખાતે 'સ્નેહમિલન'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સ્વાતંત્ર્ય સેનાનીઓને અમદાવાદથી રાજભવન આવવા તથા પરત જવા માટે અમદાવાદ લાલદરવાજા (રૂપાલી સિનેમા), પાલડી બસ સ્ટેન્ડ અને કાળુપુર રેલવે સ્ટેશનથી એસ.ટી. બસોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વાતંત્ર્ય સેનાનીઓ માટેની આ ખાસ એસ.ટી. બસો બપોરે ૧૫.૩૦ કલાકે રાજભવન જવા રવાના થશે.

## રાષ્ટ્રના ૬૫મા પ્રજાસત્તાક દિને હિંમતનગરમાં રાજ્યપાલશ્રીના હસ્તે ધ્વજવંદન

રાષ્ટ્રના ૬૫મા પ્રજાસત્તાક દિન-૨૬ જાન્યુઆરીએ, ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીના હસ્તે હિંમતનગર ખાતે સવારે ૯.૦૦ વાગ્યે ધ્વજવંદન કરાવવામાં આવશે. આ પ્રસંગે રાજ્યપાલશ્રી પોલીસ બેન્ડની સલામી લેશે.

## હિંમતનગર ખાતે સ્નેહ સંમેલન

૬૫મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યા-૨૫મી જાન્યુઆરીએ હિંમતનગર ખાતે સાંજે ૫.૦૦ વાગે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની અધ્યક્ષતામાં સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું છે.

## નવા મતદારો... ● પહેલા પાનાનું ચાલુ

અરજીઓ તંત્ર મળી છે જ્યારે વિધાનસભાની ચૂંટણી બાદ ૩૦ હજાર જેટલી અરજીઓ મળી હતી.

જિલ્લામાં હાલ ડુપ્લીકેટ મતદારોને શોધી કાઢવાની કવાયત ચાલી રહી છે. આ ઉપરાંત સ્થળાંતર કરી ગયેલા મતદારોની અરજીઓ અને મરણ પામનાર મતદારોનો આંક પ્રાપ્ત થયો નથી. મતદાર યાદી પ્રસિદ્ધિ બાદ જ જિલ્લામાં મતદારો કેટલા થશે તેનો આંક મળી શકશે. બિનસત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૧૦.૫૦ લાખ મતદારો જિલ્લામાં થશે.

જિલ્લામાં છેલ્લી મતદાર સુધારણા ઝુંબેશમાં મહિલાઓએ વધુ રસ દાખવ્યો હતો તેવા અખબારી અહેવાલો પણ પ્રસિદ્ધ થઈ ચુક્યા છે જે ઉલ્લેખનીય છે. જિલ્લાની ચાર વિધાનસભા મતદાર વિભાગોમાં મહિલાઓની અરજીઓ વધુ મળી હતી જે પણ ઉલ્લેખનીય છે.

છેલ્લી મતદારયાદી સુધારણામાં સૌથી વધુ અરજીઓ 